# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

1) પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના બિષ્ણુપુરમાં જાહેર સભાને સંબોધતા તૃણમૂલ કોંગ્રેસ પર મહિલા અનામત બિલને ન પસાર થવા દેવાનો આરોપ લગાવ્યો

2) પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા, ચૂંટણી પંચે મતદાર યાદીમાં લગભગ પાંચ લાખ નવા મતદારોના નામ ઉમેર્યા

3) ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન શ્રીલંકાની બે દિવસની મુલાકાતે કોલંબો પહોંચ્યા

4) મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ નાસિકમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ યુનિટમાં કથિત ધર્મ પરિવર્તન કેસમાં શૂન્ય-સહિષ્ણુતાનો અભિગમ અપનાવવા પોલીસને સૂચના આપી

5) અક્ષય તૃતીયાના શુભ પ્રસંગે ચારધામ યાત્રાની શરૂઆત - યમુનોત્રી અને ગંગોત્રીના કપાટ ખોલવામાં આવ્યા.

6) ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે બીજી ટી - 20 આંતરરાષ્ટ્રીય મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

## PM - BISHNUPUR RALLY

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ આજે પશ્ચિમ બંગાળના બિષ્ણુપુર ખાતે એક જાહેર સભાને સંબોધિત કરી હતી. રેલીને સંબોધતા, પ્રધાનમંત્રીએ આરોપ લગાવ્યો કે તૃણમૂલ કોંગ્રેસે 2029 માં મહિલા અનામત આપવા માટેના બિલને પસાર થવાથી રોકવા માટે કોંગ્રેસ સાથે મળીને કાવતરું ઘડ્યું છે.

**(BYTE : PM-ON-WOMEN-RESERVATION)**

પ્રધાનમંત્રીએ આરોપ લગાવ્યો કે તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસ બંને આદિવાસી વિરોધી છે, તેમણે કહ્યું કે તેમણે રાષ્ટ્રપતિની ચૂંટણી દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સામે ઉમેદવાર ઉભા રાખ્યા હતા.

**(BYTE : PM ON TRIBAL)**

તૃણમૂલ કોંગ્રેસ, જેના પર તેમણે ઘુસણખોરોને ફાયદો પહોંચાડવા માટે કાયદાઓનું ઉલ્લંઘન કરવાનો અને ધર્મના આધારે અનામત આપવાનો પણ શ્રી મોદીએ  લગાવ્યો આરોપ હતો, શ્રી મોદીએ કહ્યું કે રેલીમાં લોકોનો ઉત્સાહ રાજ્યની વર્તમાન સરકાર સામે  ગુસ્સાને પ્રતિબિંબિત કરે છે

## REV. WB- NEW VOTERS

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા, ચૂંટણી પંચે મતદાર યાદીમાં લગભગ પાંચ લાખ નવા મતદારોના નામ ઉમેર્યા છે.

પંચના અધિકારીઓએ જણાવ્યું કે ફોર્મ-6 દ્વારા દાખલ કરાયેલી આશરે સાત લાખ અરજીઓની ચકાસણી બાદ , યાદીમાં પાત્ર મતદારોના નામ ઉમેરવામાં આવ્યા છે. ઉત્તર 24 પરગણા, હાવડા, હુગલી, કોલકાતા અને પૂર્વ મિદનાપુર જિલ્લામાં સૌથી વધુ નવા નામો ઉમેરાયા છે. ઉત્તર 24 પરગણામાં 71 હજાર થી વધુ જ્યારે કોલકાતામાં લગભગ 44 હજાર નવા મતદારો ઉમેરાયા છે. જોકે, મહિલા મતદારોની સંખ્યામાં ઘટાડો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર  ટ્રિબ્યુનલ દ્વારા પેન્ડિંગ કેસોનો ઉકેલ આવ્યા બાદ મતદારોની સંખ્યામાં વધારો થઈ શકે છે.

હાલમાં, પશ્ચિમ બંગાળમાં 6 કરોડ 82 લાખથી વધુ મતદારોના નામ મતદાર યાદીમાં નોંધાયેલા છે.

## ED-KOLKATA DY POLICE COMMISSIONER

કોલકાતા પોલીસના ડેપ્યુટી કમિશનર શાંતનુ સિંહા બિસ્વાસ અને સન એન્ટરપ્રાઇઝના મેનેજિંગ ડિરેક્ટર જોય કામદાર સાથે જોડાયેલા ત્રણ સ્થળોએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દરોડા પાડી રહ્યું છે.

ત્રણ સ્થળોમાંથી બે બિસ્વાસના અને એક કામદારના છે. સોના પપ્પુ અને જોય કામદાર કેસમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ આ દરોડા પાડવામાં આવી રહ્યા છે. સોના પપ્પુ કોલકાતાની એક હિસ્ટ્રીશીટર છે, જેના મકાનો પર તાજેતરમાં ED દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

## REV. VP-SRI LANKA

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન શ્રીલંકાની બે દિવસની સત્તાવાર મુલાકાતે આજે કોલંબો પહોંચ્યા છે.આ મુલાકાત દરમિયાન શ્રી રાધાકૃષ્ણન શ્રીલંકાના ટોચના નેતાઓને મળશે.

સાંભળીએ એક અહેવાલ .....

## (V/C - AHMED-MUYEEN-FAROOQI)

## MAHA CM - TCS CASE

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે નાસિકમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) યુનિટમાં કથિત ધર્મ પરિવર્તન કેસમાં શૂન્ય-સહિષ્ણુતાનો અભિગમ અપનાવવાનો પોલીસ વિભાગને નિર્દેશ આપ્યો છે. તેમણે પોલીસને સંપૂર્ણ તપાસ સુનિશ્ચિત કરવા અને આરોપીઓને ન્યાય મળે તે સુનિશ્ચિત કરવા માટે કેસમાં દરેક સંભવિત પેટર્ન અને ઝિણવટપૂર્વકની તપાસ કરવા સૂચાના આપી છે.

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવા માટે બોલાવવામાં આવેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા. ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા હતા.

ચર્ચા કરાયેલા મુખ્ય ગુનાના કેસોમાં TCS યુનિટમાં કથિત જાતીય સતામણી અને ધર્મ પરિવર્તનનો કેસ હતો, જેમાં સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. શ્રી ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે નાસિક પોલીસે આ કેસ જાતે જ પ્રકાશમાં લાવ્યો છે અને પ્રશંસનીય કાર્ય કર્યું છે. જોકે, તપાસ હવે એટલી જ મજબૂત હોવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું.

# CHAR-DHAM-YATRA

અક્ષય તૃતીયાના શુભ પ્રસંગે આજે ચારધામ યાત્રાની શરૂઆત થઈ છે. આજે યમુનોત્રી અને ગંગોત્રીના કપાટ ખોલવામાં આવ્યા છે. ગંગોત્રી મંદિરમાં દેવી ગંગાની મૂર્તિ અને યમુનોત્રી મંદિર પરિસરમાં માં યમુનોત્રીની મૂર્તિઓ ધાર્મિક વિધિઓ સાથે સ્થાપિત કરવામાં આવી હતી. મંદિરોને ફૂલોથી સુંદર રીતે શણગારવામાં આવ્યા છે, અને વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું કે રાજ્ય સરકારે ચારધામ યાત્રાને "સુરક્ષિત, સુવ્યવસ્થિત અને મૈત્રીપૂર્ણ" બનાવવા માટે વિસ્તૃત વ્યવસ્થા કરી છે.

દરમિયાન, કેદારનાથ ધામના દ્વાર 22 એપ્રિલે ખુલશે, ત્યારબાદ શ્રી બદ્રીનાથ ધામ 23 એપ્રિલે ખુલશે.

ગઈકાલ સાંજ સુધી, 18.9 લાખ યાત્રાળુઓએ ચાર ધામ યાત્રા માટે ઓનલાઈન નોંધણી કરાવી છે.

## AKSHAY TRITIYA

આજે દેશભરમાં અક્ષય તૃતીયાનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. લોકો માને છે કે આ તહેવાર સૌભાગ્ય અને સફળતાનું પ્રતીક છે. આ દિવસે લોકો દેવી-દેવતાઓને સૌભાગ્ય માટે પ્રાર્થના કરે છે. ઘણા લોકો આ દિવસે સોનું પણ ખરીદે છે.

આજે દેશભરમાં પરશુરામ જયંતીની પણ ઉજવણી કરવામાં આવી રહી છે. ભગવાન પરશુરામ ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર છે.

# PM GREETINGS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા,સહિત અનેક મહાનુભાવોએ આજે ભગવાન પરશુરામ જન્મોત્સવ અને અક્ષય તૃતીયાના શુભ અવસર પર દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અક્ષય તૃતીયા નિમિત્તે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે આ તહેવાર આપણને પુણ્ય કાર્યો, દાન અને સેવાના માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપે છે. પ્રધાનમંત્રીએ પરશુરામ જયંતિની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે ભગવાન પરશુરામ નાગરિકોને અન્યાય સામે અડગ રહેવા અને સત્યના માર્ગ પર અડગ રહેવાની પ્રેરણા આપે છે

# ISRO - G20 SATELLITE

ભારતીય અવકાશ સંશોધન સંસ્થાન -ઇસરોના અધ્યક્ષ ડૉ. વી. નારાયણને જણાવ્યું કે આબોહવા, વાયુ પ્રદૂષણ અને હવામાનનો અભ્યાસ કરવા માટે રચાયેલ G-20 ઉપગ્રહ 2027 માં લોન્ચ થવાની શક્યતા છે.

તેમણે જણાવ્યું કે ભારત એક જ રોકેટનો ઉપયોગ કરીને અથડામણ વિના 100 થી વધુ ઉપગ્રહોને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં છોડનાર પ્રથમ દેશ છે. ડૉ. નારાયણને ગઈકાલે હૈદરાબાદમાં એન્જિનિયરિંગ સ્ટાફ કોલેજ ઓફ ઇન્ડિયા ખાતે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન, ઇસરો અને એરોનોટિકલ સોસાયટી ઓફ ઇન્ડિયાના વૈજ્ઞાનિકોને સંબોધતા આ નિવેદન આપ્યું હતું.

ડૉ. નારાયણને જણાવ્યું હતું કે ઇસરો 2040 સુધીમાં ચંદ્ર પર માનવ મોકલવા માટે કામ કરી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે જો ઇસરો 2040 સુધીમાં આ હાંસલ કરવામાં સફળ થાય છે, તો ભારત લોન્ચ ટેકનોલોજી, સેટેલાઇટ ટેકનોલોજી, એપ્લિકેશન ક્ષેત્રો અને માનવ અવકાશ ઉડાન કાર્યક્રમોના સંદર્ભમાં અન્ય અવકાશયાત્રી દેશોમાં જોડાશે. ડૉ. નારાયણને જણાવ્યું હતું કે ઇસરો ડીપ ઓશન મિશન પ્રોજેક્ટ, સમુદ્રાયણ માટે 2.2 મીટર વ્યાસ અને 100 મિલીમીટર જાડાઈ ધરાવતી ટાઇટેનિયમ બોટ વિકસાવવાની પ્રક્રિયામાં છે.

# WOMEN- T20

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે કિંગ્સમીડ સ્ટેડિયમ ખાતે પાંચ મેચની શ્રેણીની બીજી  ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં યજમાન દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. આ મેચ ડર્બનમાં સાંજે સાડા પાંચ વાગ્યે શરૂ થશે.

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ શ્રેણીની પહેલી મેચ છ વિકેટથી હારી ગઈ હતી. ભારતે 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 157 રન બનાવ્યા હતા. જવાબમાં, દક્ષિણ આફ્રિકાએ 19.1 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું હતું.

# IPL

IPL ક્રિકેટમાં, આજે કોલકાતા નાઈટ રાઈડર્સનો મુકાબલો રાજસ્થાન રોયલ્સ સામે જ્યારે પંજાબ કિંગ્સનો મુકાબલો લખનૌ સુપર જાયન્ટ્સ સામે થશે.કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચ બપોરે 3:30 વાગ્યે કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે જ્યારે પંજાબ કિંગ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચેની મેચ ચંદીગઢમાં સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

કોલકાતા નાઈટ રાઈડર્સ માત્ર એક પોઈન્ટ સાથે સૌથી નીચલા સ્થાને છે.તો રાજસ્થાન રોયલ્સ આઠ પોઈન્ટ સાથે ટોચના ક્રમે છે.

બીજી તરફ પંજાબ કિંગ્સે પાંચ મેચમાંથી ચાર જ્યારે લખનૌ સુપર જાયન્ટ્સે પાંચ મેચમાં બે મેચ જીતી છે.